# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-10-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. રાજ્ય સરકારે સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી હૉસ્પિટલો માટે 1 હજાર 903 સ્ટાફનર્સની સીધી ભરતી કરવાનો નિર્ણય કર્યો
2. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગાંધીનગર લોકસભા વિસ્તારમાં 470 કરોડ રૂપિયાના વિકાસલક્ષી પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું.
3. ભારતનેટના બીજા તબક્કા હેઠળ રાજ્યની 8 હજારથી વધુ ગ્રામ પંચાયતો હાઇસ્પીડ ઇન્ટરનેટથી સજ્જ બની
4. ગીર નજીકના વિસ્તારોને ઇકો સેન્સિટિવ ઝોન જાહેર કરવાના નિર્ણયના વિરોધને મામલે રાજ્ય સરકાર આગામી 60 દિવસમાં વાંધા-સૂચનો સાંભળશે.
5. અને શારદીય નવરાત્રીનો આજથી પ્રારંભ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ‘વાઇબ્રન્ટ નવરાત્રી મહોત્સવ’ ખુલ્લો મૂકશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMIT SHAH IN GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું કે, મહાત્મા ગાંધી પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વચ્છતાને લોક ચળવળ બનાવી અને લોકોમાં સ્વચ્છતાની સંસ્કૃતિ કેળવવામાં ઘણું યોગદાન આપ્યું. શ્રી શાહે પોતાના સંસદ મત વિસ્તારમાં 470 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટના ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો.

કેન્દ્રીય મંત્રીએ ગાંધીનગરમાં વિવિધ યોજનાઓ ઉપરાંત, સોલામાં GMERS હૉસ્પિટલમાં નવનિર્મિત ટેલિ રિહેબિલિટેશન સેન્ટર સહિતના વિવિધ પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું. બપોર બાદ તેમણે સાણંદ નજીક ભાજપ કાર્યકર્તાઓને સંબોધન કર્યું. સાંજે તેમણે શાહીબાગમાં અમદાવાદ કમિશ્નરની નવી બનેલી ઑફિસ ઇમારતનું ઉદ્ઘટન કર્યું હતું.

શ્રી શાહ આવતીકાલે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે એડીસી બેન્કની સ્થાપનાના 100 વર્ષની ઉજવણી પ્રસંગેના સમારોહનું ઉદ્દઘાટન કરશે. આ ઉપરાંત તેઓ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાના વિવિધ વિકાસલક્ષી કામોના ખાતમુહુર્ત અને લોકાર્પણ કરશે અને સાંજે બહુચરાજી માતાજીના મંદિરે દર્શન તેમજ આરતીમાં ભાગ લેશે.

----------------------------------

# GUJARAT STAFF NURSE BHARTI

રાજ્ય સરકારે સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી હૉસ્પિટલો માટે સ્ટાફ નર્સની સીધી ભરતી કરવાનો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત ઓજસ વેબસાઇટ મારફતે 1 હજાર 903 સ્ટાફ નર્સની ભરતી કરાશે. આ માટે 5મી ઑક્ટોબર સુધી ઓનલાઇન અરજી સ્વીકારવામાં આવશે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ વિશે માહિતી આપતા જણાવ્યું કે આગામી 6 થી 8 મહિનામાં આ ભરતી પ્રક્રિયા પૂર્ણ કરાશે.

ઉલ્લેખનીય છે કે હાલમાં વિવિધ આરોગ્ય કેન્દ્ર અને હૉસ્પિટલમાં કુલ 12 હજાર 101 જગ્યાઓ મંજૂર છે, છેલ્લા 10 વર્ષમાં કુલ 7 હજાર 732 સ્ટાફ નર્સ વર્ગ -2 ની જગ્યાઓની સીધી ભરતી કરવામાં આવી છે.

-----------------------------------

## DIGITAL GUJARAT HIGH SPEED INTERNET

ભારત નેટના બીજા તબક્કા હેઠળ રાજ્યની 8 હજારથી વધુ ગ્રામ પંચાયતો હાઇસ્પીટ ઇન્ટરનેટથી સજ્જ બની છે. આ પ્રોજેક્ટ હેઠળ 8 હજાર, 36 ગ્રામ પંચાયતોને 100 mbps સુધીનું ઇન્ટનેટ હાઇસ્પીડ નેટવર્ક ઉપલબ્ધ કરાવાયું છે. એક અખબારી યાદી પ્રમાણે ભારતનેટ ફેઝ-2 નેટવર્કનો ઉપયોગ કરીને ડિજિટલ સેવા સેતુ પ્લેટફોર્મે લગભગ 1.57 કરોડ ગ્રામીણ નાગરિકોને 321 સેવાઓનો લાભ આપ્યો છે.

ભારતનેટ પૂર્વે રાજ્યમાં ગ્રામ પંચાયત દીઠ નેટવર્ક સ્પીડ 100 Kbps હતી, જે હવે 1000 ગણી વધીને 100 Mbps સુધી પહોંચી ગઈ છે. જેને કારણે આ જિલ્લાઓમાં પોલીસ ચોકી, જિલ્લા કલેક્ટર કચેરીઓ ઉપરાંત આરોગ્ય કેન્દ્રો,

મહાત્મા મંદિર, ધોલેરા સર, સાયન્સ સિટી, જીઆઈડીસી, સ્ટેચ્યૂ ઑફ યુનિટી જેવા જાણીતા સ્થળોએ હાઇસ્પીડ ઇન્ટરનેટ મારફતે 200થી વધુ સરકારી કાર્યક્રમો ઉપરાંત શિક્ષણલક્ષી કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે.

ભારતનેટ પ્રોજેક્ટ એ વિશ્વનો સૌથી મોટો બ્રોડબેન્ડ પ્રોગ્રામ છે જે ગામડાઓમાં ઝડપી ઇન્ટરનેટ પ્રદાન કરે છે. આ એક સંપૂર્ણ મેઇક ઇન ઈન્ડિયા પ્રોગ્રામ છે. જેના બીજા તબક્કામાં 22 જિલ્લાઓમાં 35000 કિમીનું ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક સ્થાપિત કરવામાં આવ્યું છે.

----------------------------------

## PROTEST AGAINST ECO ZONE

ગીર અભ્યારણ્ય આસપાસના વિસ્તારોને ઇકો સેન્સિટિવ ઝોન જાહેર કરવાના નિર્ણયથી વધી રહેલા વિરોધ મુદ્દે રાજ્ય સરકાર આગામી મહિનામાં તમામ ફરિયાદો સાંભળશે.

રાજ્ય વન મંત્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું છે કે આ મુદ્દે મળેલી તમામ ફરિયાદો સાંભળ્યા બાદ યોગ્ય નિર્ણય લેવાશે.

(BYTE - મૂળુભાઈ બેરા, વન મંત્રી )

તલાલા, વિસાદવદર, ખાંભા સહિતના કેટલાક ગામોના સરપંચોએ આ જાહેરનામાની વિરુદ્ધમાં ઠરાવ પસાર કર્યો છે. દરમિયાન આપ નેતા પ્રવિણ રામે 2 ઑક્ટોબરથી 15 દિવસ સુધી ઇકોઝોન નાબૂદી અભિયાન ચલાવવાની જાહેરાત કરી છે.

ભાજપના ધારાસભ્ય હર્ષદ રિબડિયાએ પણ તેનો વિરોધ નોંધાવ્યો છે.

આપને જણાવી દઈએ કે એશિયાઈ સિંહોની જાળવણી માટે કેન્દ્ર સરકારે ગીર અભ્યારણ્ય વિસ્તારના આસપાસના ગામોને ઇકો સેન્સિટિવ ઝોન તરીકે જાહેર કર્યો છે, જેમાં ગીર સોમનાથ, જૂનાગઢ અને અમરેલી જિલ્લાના 196 ગામોનો સમાવેશ કરાયો છે.

.................

## NAVRATRI – PRATHAM DIVAS

આજથી માઁ આદ્યશક્તિના આરાધના પર્વ શારદીય નવરાત્રીનો પ્રારંભ થઇ રહ્યો છે. આસો સુદ એકમથી નોમ સુધી નોરતાનાં નવ દિવસ દરમિયાન નવદુર્ગાના નવ સ્વરૂપોની પૂજા, અર્ચન, જપ-તપ અને વ્રત કરી માની આરાધના કરવામાં આવે છે.

વર્ષ દરમિયાન ચાર નવરાત્રિઓ પૈકી ચૈત્ર માસ અને આસો માસની નવરાત્રી વિશેષ પ્રચલિત છે.

આજે નવરાત્રીના પ્રથમ દિવસે મા શૈલપુત્રીની પૂજા કરવામાં આવે છે. હિમાલય પુત્રી કુમારી શૈલજા સ્વરૂપા માનુ વાહન વૃષભ છે. જમણા હાથમાં ત્રિશૂળ અને ડાબા હાથમાં કમળ ધારિણી મા શૈલપુત્રીની નવરાત્રીના પ્રથમ દિવસે ઉપાસના કરવામાં આવે છે.

--------------------

## AMIT SHAH NAVRATRI

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદના GMDC મેદાન ખાતે વાઇબ્રિન્ટ નવરાત્રી મહોત્સવ 2024નું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ, પ્રવાસનમંત્રી મુળુ બેરા તેમજ ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે. આ ઉદઘાટન સમારોહ દરમિયાન 'જય માં આદ્યાશક્તિ'ની થીમ પર મલ્ટિમીડિયા સાંસ્કૃતિક કાર્યક્રમ અને મહા આરતી યોજાશે. આ ઉપરાંત ચોથીથી ૧૧ ઓક્ટોબર દરમિયાન રાત્રે ૯ વાગ્યાથી પોણા બાર વાગ્યા સુધી રાજ્યના પ્રસિદ્ધ કલાકારો-ગાયકો દ્વારા અનેક કાર્યક્રમો પ્રસ્તુત કરશે.

વાઇબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં આવતા મુલાકાતીઓની સંખ્યામાં છેલ્લા બે વર્ષમાં 11 ટકાનો ઉછાળો નોંધાયો છે.

આ ઉપરાંત મહોત્સવમાં થીમ પેવેલિયન, હસ્તકલા બજાર, ફૂડ સ્ટોલ, બાલ નગરી, વિવિધ થીમ આધારીત ગેટ વગેરે જેવા મુખ્ય આકર્ષણો પણ જોવા મળશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

..................................

# NAVRATRI DISTRICT ALL

નવરાત્રીના પ્રારંભે શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે અંબાજી મંદિરમાં ઘટ સ્થાપન આજે સવારે કરાયું હતું. નવરાત્રિના પ્રથમ દિવસે મંદિર વહીવટદાર તેમજ મહંતોની ઉપસ્થિતિમાં શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર વચ્ચે માતાજીના સભા મંડપમાં ઘટસ્થાપન કરવામાં આવ્યું.

નવરાત્રીના પ્રથમ દિવસે અમદાવાદના જય ભોલે જૂથ અમદાવાદ દ્વારા ગુજરાતના નવ શક્તિ મંદિરોમાં અષ્ટ ગંધાષ્ટકમ અત્તર અર્પણ કરાયું હતું.

લખપત તાલુકાના માતાના મઢ ખાતે આવેલ આશાપુરા મંદિર ધામ ખાતે નવરાત્રી દરમિયાન પદયાત્રીઓ માટે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો પાંચ હજારથી વધુ પદયાત્રીઓએ લાભ લીધો હતો.

ભાવનગરમાં  પાર્થ યુવા મડંળ તેમજ વિકલાંગ ક્રાંતિ સંગઠન ભાવનગરના સંયુક્ત ઉપક્રમે દિવ્યાંગો માટે એક દિવસીય નવરાત્રી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. 5 ઑક્ટોબરના રોજ આયોજીત આ ગરબા ઉત્સવમાં પેરાલિમ્પિયન ખેલાડી સોનલ પટેલ ઉપસ્થિત રહેશે.

તો જિલ્લાના BAPS સ્વામિનારાયણ મંદિર દ્વારા નવરાત્રી પ્રસંગે ભક્તિ પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આજથી શરૂ કરીને 11 ઑક્ટોબર દરમિયાન અક્ષર વાડી ખાતે વિવિધ વિષયો પર પ્રવચનો, સાંસ્કૃતિ કાર્યક્રમો ઉપરાંત વિવિધ પ્રકારના આયોજનો થશે.

તો આજથી રાજપીપળાના હરિસદ્ધિ માતા મંદિર ખાતે નવદિવસીય નવરાત્રી મેળાનો પ્રારંભ થયો છે.  હરસિદ્ધિ માતાનું આ મંદિર રાજપીપળા સ્ટેટના રાજવી વેરીશાલજી મહારાજે ઇ.સ 1657માં રાજપીપળા નગરમાં બંધાવ્યું હતું.

તો ડાંગના મુખ્ય મથક આહવાની પોલીસ કચેરી ખાતે નવરાત્રીના નવ દિવસ દરમિયાન સાર્વજનિક નવરાત્રી મહોત્સવનું આયોજન કરાયું છે. આ મહોત્સવમાં ઘરેલું હિંસા, મતદાન જાગૃતિ અભિયાન, બાળકોના જાતીય શોષણ અટકવવું, અંધશ્રદ્ધા નાબુદી, નશા મુક્તિ નાબુદી, ટ્રાફિક, સાઇબર ક્રાઇમ, તેમજ રોજગાર સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે.

-----------------------------------

## AHMEDABAD-BARONI-AHMEDABAD

પશ્ચિમ રેલવે દ્વારા  આગામી દિવાળી અને છઠ પૂજા માટે મુસાફરો ની સુવિધા ને ધ્યાન માં રાખી ને અમદાવાદ-બરૌની-અમદાવાદ  'દિવાળી સ્પેશિયલ ટ્રેન' વિશેષ ભાડા સાથે ચલાવવાનો નિર્ણય લીધો છે.

જેમાં અમદાવાદ બરૌની સ્પેશિયલ આગામી 8 ઓક્ટોબર થી 12 નવેમ્બર 2024 સુધી દર મંગળવારે અમદાવાદ થી સાંજે  16.35 મિનિટે ઉપડશે અને ગુરુવારે સવારે 4 વાગ્યે બરૌની પહોંચશે.  તેવી જ રીતે બરોની અમદાવાદ સ્પેશિયલ 10 ઓક્ટોબરથી 14 નવેમ્બર 2024 થી દર ગુરુવારે સવારે 6 વાગ્યે ઉપડશે અને શુક્રવારે રાત્રે 11 વાગીને 15 મિનિટે અમદાવાદ પહોંચશે. આ ટ્રેનનું બૂકિંગ 5 ઓક્ટોબરથી IRCTC ની વેબસાઇટ પર શરૂ  થશે.

-----------------------------------